# પાટણના સાંસદ જગદીશ ઠાકોરની બાદબાકીથી સમાજના આગેવાનોમાં રોષ

મુલોજ, તા. ૧૪

ઠાકોર સમાજના એક માત્ર સાંસદ જગદીશ ઠાકોર ઉપર યેનકેન પ્રકારે દબાણ લાવી ઉમેદવાર તરીકે ખસેડવા અને ચૂંટણી પ્રક્રિયાથી દૂર રાખવાના કાવતરાઓથી ખીન્ન બનેલા અરવલ્લી જિલ્લા ઠાકોર સમાજના અગ્રણીઓએ મોડાસા ખાતે બેઠક કરી પોતાનો ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. મોડાસા વિધાનસભા મત વિસ્તારના યુવાન અને ઉત્સાહી કોંગ્રેસી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરના નિવાસસ્થાને બુધવારે યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાભરમાંથી ઠાકોર સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને જયમલસિંહ ખાંટના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

બેઠકમાં હિંમતસિંહ પરમાર, યુવા કોંગ્રેસના અગ્રણી વનરાજસિંહ ખાંટ, મણીબેન ખાંટ, જયરાવભાઈ ડામોર, રાયચંદભાઈ ડામોર સહિતના અગ્રણીઓએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ હાઈકમાન્ડ સામે પોતાનો ઉગ્ર રોષ ઠાલવતા જણાવ્યું હતું કે સમાજના એક માત્ર સાંસદ જગદીશ ઠાકોરને ઈરાદાપૂર્વક હડસેલવામાં આવી રહ્યા છે. તેઓ પાટણ બેઠકમાં મજબુત ઉમેદવાર હોવા છતા કેટલાક પરીબળો જગદીશ ઠાકોરને નિશાન બનાવી ઠાકોર સમાજને અન્યાય કરાઈ રહ્યો છે. ત્યારે કોંગ્રેસ દ્વારા ઠાકોર સમાજના લાયક ઉમેદવારને લોકસભામાં પસંદગી આપવા અને જગદીશ ઠાકોરને પાટણ બેઠક પરથી ઉમેદવાર બનાવવા ઠાકોર સમાજ દ્વારા પ્રદેશ કક્ષાએ રજૂઆત કરાઈ છે.

# બેરણાના બે યુવાનોની હત્યાનો ભેદ ઉકેલાયો

## નાગમણી પ્રકરણે હત્યા કરી હોવાની આરોપીઓએ કબુલાત કરી

હિંમતનગર, તા.૧૪

હિંમતનગર તાલુકાના બેરણા ગામની સીમાડામાંથી બે માસ અગાઉ બે યુવાનોની લાશો મળી આવી હતી. પોલીસ તપાસમાં યુવાનોની હત્યા થઈ હોવાનું અને ભોગ બનેલા યુવાનો મધ્યપ્રદેશના હોવાનું પ્રાથમિક તપાસમાં જણાતા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી હત્યાનો ભેદ ઉકેલી બે આરોપીઓને પકડી જેલ હવાલે કર્યા છે.

બનાવની વિગત અનુસાર હિંમતનગર તાલુકાના બેરણા ગામના સીમાડામાંથી તા. ૧૫ જાન્યુઆરીએ બે યુવાનોની હત્યા કરાયેલી લાશો મળી આવી હતી. પોલીસે હત્યાનો ગુન્હો નોંધી ભોગ બનેલા યુવાનોની વિગત મેળવવા તપાસ હાથ ધરતાં હત્યાનો ભોગ બનેલા યુવાનો મધ્યપ્રદેશના બુરહાનપુર જિલ્લાના નેપાનગરના રહેવાસી અખતરશા મહેતાબશા ફકીર અને અબ્દુલઅજીજ રજાકભાઈ શેખ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે મૃતકોની પાસેથી મળી આવેલ મોબાઈલની કોલ ડીટેઈલ કઢાવી તેમને કોની કોની સાથે વાતચીત થઈ હતી તેની તપાસ હાથ ધરતાં ઉત્તરપ્રદેશના અમેઠી જિલ્લાના ઈમલીગાવના મૂળ વતની અને છેલ્લા ઘણા સમયથી હિંમતનગરમાં રહેતા મોહમદઅલી ઉર્ફે રાજુ ઉર્ફે ખાનભાઈ ઉર્ફે બાપુ તેમજ ઉત્તરપ્રદેશના નાગેસરગેજના સંજયલાલ શિવચરણ શાહુ સાથે મોબાઈલ ફોન ઉપર વાંરવાર વાત થયાનું બહાર આવતાં પોલીસે બંને શકમંદોની ઉત્તરપ્રદેશથી ધરપકડ કરતાં સમગ્ર હત્યા પ્રકરણ ઉપરથી પડદો ઉંચકાયો હતો.

જિલ્લા પોલીસવડા ચિરાગ કોરડીયાના સીધા માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી એમ.આર. ગુપ્તાની રાહબરી હેઠળ એલસીબી અને એસ.ઓ.જી. પોલીસની ટીમોએ યુવાનોની હત્યા બાબતે ઉંડી તપાસ હાથ ધરતાં અને પકડાયેલ આરોપીઓની પુછપરછમાં જાણવા મળ્યા મુજબ ભોગ બનેલ યુવાનો અખતરશા ફકીર અને અબ્દુલઅજીજ શેખ ડુપ્લીકેટ નાગમણી લઈને હિંમતનગર આવ્યા હતા અને તેમનો ભેટો મોહમદઅલી પઠાણ સાથે થયો હતો. તેમણે નાગમણી બાબતે સંજયલાલ શાહુને જણાવતાં તેઓના બનેવી દયાશંકર શાહુ નાગમણી ખરીદવા દિલ્હીથી હિંમતનગર આવ્યા હતા પરંતુ નાગમણી ડુપ્લીકેટ જણાતાં તેમણે ખરીદવાનું ના પાડતાં તેની પાસેથી રૂ. ૫ લાખ પડાવી દયાશંકરની હત્યા કરવાનો પ્લાન મૃતક યુવાનોએ બનાવ્યો હતો. પરંતુ તેની ગંધ દયાશંકરના સાળા સંજયલાલ શાહને થતાં તેમણે ત્રણે જણાએ ભેગા મળી પહેલાં અખતરશા ફકીર અને પછી અબ્દુલઅજીજ શેખનું ગળુ દબાવી માથામાં પથ્થર મારી હત્યા કરી ફરાર થઈ ગયા હતા. સમગ્ર હત્યાનો ભેદ મૃતકોની લાશ પાસેથી મળેલ રેલવે ટીકીટના ટુકડા અને આધુનિક ગેજેટેડ ઉપકરણોના માધ્યમથી ઉકેલવામાં પોલીસને સફળતા મળી હતી.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# પાટણ-ડીસા હાઈ-વે પર ટ્રક-એક્ટીવા વચ્ચે ગમખ્વાર અકસ્માત : એક્ટીવા ચાલકનું મોત

પાટણ, તા. ૧૪

પાટણ ડીસા હાઈવે પર આવેલ અધાર પાટીયા નજીક આજરોજ વહેલી સવારે આયશર ટ્રક અને એક્ટીવા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા એક્ટીવા ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. આ બનાવને પગલે ઘટના સ્થળે થોડાક સમય માટે ટ્રાફીકનો ચક્કાજામ થઈ જવા પામ્યો હતો.

ઘટના પર નજર કરીએ તો સરસ્વતી તાલુકાના અધાર ગામે રહેતા ભીખાજી હાલાજી ઠાકોર આજરોજ સવારે તેમના મિત્રનું એક્ટીવા સ્કૂટર લઈ પાટણ મજુરી કામ અર્થે આવી રહ્યા હતા તે દરમ્યાન અધાર પાટીયાથી થોડેક દૂર જઈ રહ્યા હતા ત્યારે ડીસા તરફથી માંતેલા સાંઢની જેમ આવી રહેલા આયશર ટ્રકના ચાલકે ગફલતભરી રીતે ટ્રક હંકારી એક્ટીવા ઉપર જઈ રહેલ ભીખાજી ઠાકોરને પાછળથી ટક્કર મારતા ભીખાજી એક્ટીવા સાથે આયશર ટ્રકના આગળના વ્હીલમાં આશરે ૧૦ ફૂટ જેટલા રોડ પર ઘસડાતા તેમનો ડાબો હાથ વ્હીલની નીચે ફુરચેફુરચા બોલી ગયો હતો. તો આ ઘટનાને પગલે એક્ટીવાનો પણ કુરતો વળી ગયો હતો. ત્યારે આ ગમખ્વાર અકસ્માત સર્જાતા રોડ પર કણસતા ભીખાજી ઠાકોરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. આ ગમખ્વાર અકસ્માતને પગલે અધાર ગામના લોકો સહિત માર્ગ પરથી પસાર થઈ રહેલા અન્ય વાહનચાલકો અને રાહદારીઓ ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. ત્યારબાદ આ ઘટનાની જાણ પાટણ તાલુકા પોલીસમથકે કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતકની મૃતદેહનું પંચનામુ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.


(તસવીર : ચેતન રામી, પાટણ)

# ૧૫ હજારની લાંચ મામલે તલોદ પોલીસના જમાદાર અને રાઈટર વિરૂદ્ધ ફરિયાદ

તલોદ, તા. ૧૪

તલોદ પોલીસ સ્ટેશનના જમાદાર અને રાઈટર દ્વારા પશુ લે-વેચનો ધંધો કરતા દહેગામના વેપારી પાસેથી રૂ. ૧૫ હજારની લાંચ માગવા બાબતે હિંમતનગર એન્ટીકરપ્શન બ્યુરો કચેરીમાં ફરિયાદ નોંધાતા તલોદ પોલીસમથકમાં સન્નાટો છવાઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દહેગામ ખાતે રહેતા રીયાઝ અહેમદ રફીઅહેમદ મલેક પશુપાલન સાથે પશુ-લે વેચનો ધંધો કરે છે. છનાપુર ગામેથી ૧૩ જેટલી ભેંસો ખરીદી આયશરમાં લઈ દહેગામ જવા રવાના થયા હતા. તેમના ભાઈ પણ વેગનઆર કાર લઈ સાથે-સાથે નિકળ્યા હતા. દરમિયાન તલોદ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓએ માર્ગમાં આઈસર અને વેગનઆર કારને રોકી ડીટેઈન કરી હતી અને આઈસર ગાડીમાં આવતા વ્યક્તિઓના ત્રણ મોબાઈલ પણ રાખી લઈ બધાને લોકઅપમાં મુકી દીધા હતા. બાદમાં તલોદ પોલીસે રીયાઝ અહેમદ મલેક અને તેમના ભાઈને જવા દીધા હતા પરંતુ તેમની અને તેમના ભાઈ વિરૂદ્ધ કેસ નહી કરવા પેટે રૂ. ૨૫ હજારની માંગણી કરી હતી.

દહેગામના રીયાઝે તેમના બનેવીએ તલોદ પોલીસ સ્ટેશનના જમાદાર વિઠ્ઠલભાઈ દેસાઈને ઓળખાણ હોઈ ટેલીફોનથી આયશર ગાડી અને મોબાઈલ ફોન પાછા આપવા વાત કરતા વ્યવહાર વિના ગાડીના કાગળો અને મોબાઈલ પરત મળશે નહી તેમ જણાવ્યું હતું. લાંચની માંગણી સંદર્ભે વેપારીએ મહેસાણા એન્ટી કરપ્શન બ્યુરો કચેરીએ જાણ કરતા પી.આઈ. એન.એમ. સિંધીએ છટકુ ગોઠવ્યું હતું. જેમાં તલોદ પોલીસ સ્ટશનના જમાદાર વિઠ્ઠલભાઈ દેસાઈ અને રાઈટર વિમલભાઈ પટેલ દ્વારા રૂ. ૧૫ હજારની લાંચની માંગણી કરી હતી. જેને એ.સી.બી.ની ટીમે કાર્યવાહી કરી હતી અને વધુ તપાસ ગાંધીનગર એ.સી.બી.એ ચલાવશે.

# ધનસુરા સિ.સિ. ટ્રસ્ટ દ્વારા રસ્તારોકો આંદોલનનું એલાન

## ધનસુરા ચાર રસ્તા પર બમ્પ ન બનાવતા સિ.સિ. ટ્રસ્ટે લોકહીત માટે પગલુ લીધુ છે

ધનસુરા, તા. ૧૪

ધનસુરા ચાર રસ્તા માર્ગે દરરોજ ભારે ટ્રાફિકથી ધમધમે છે જ્યાં અસંખ્ય વાહનોની અવર-જવરના લીધે રોજ નાનામોટા અકસ્માતો સર્જાય છે. જેને લી શહેરના નાગરિકોએ આ ચાર રસ્તા પાસે બમ્પ બનાવવા તંત્રને લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. તેમ છતા આજ દિન સુધી કોઈ પગલા ન લેવાતા સિનિયર સિટિઝન ટ્રસ્ટે લોકહીત માટે ઉગ્ર લડત લડવા આંદોલન છેડવાનું એલાન કર્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લામાં મોડાસા બાદ ધનસુરા મહત્વનું મથક છે. ધનસુરા ચાર રસ્તા પર રોજના નાના મોટા અસંખ્ય વાહનો અવરજવર કરે છે. આથી ટ્રાફિક જામની પણ સ્થિતિ સર્જાય છે. બેફામગતિએ દોડતા વાહનોને લીધે વારંવાર અકસ્માત પણ સર્જાય છે. પરિણામે આ અકસ્માતમાં નિર્દોષ વાહનચાલકોનો ભોગ લેવાય છે. ત્યારે બેફામ ગતિએ દોડતા વાહનો પર અંકુશ રાખવા ભરચક ધનસુરા ચાર રસ્તા પર બમ્પ બનાવવા શહેરીજનોએ તંત્ર સમક્ષ લેખિત અને મૌખિક રજૂઆતો કરી હતી. પરંતુ નાગરિકોની ફરિયાદની સામે કોઈ કાર્યવાહી હજુ સુધી થઈ નથી ત્યારે આ પ્રશઅનને લઈ ના છૂટકે ધનસુરા પ્રદેશ સિનિયર સિટીઝન ટ્રસ્ટ ૪૦૦ જેટલા સભ્યો લોકહીત માટે ઉગ્ર લડત અને રસ્તા રોકો આંદોલન કરશે તેમ સંસ્થાના પ્રમુખ જયંતિલાલ શાહે જણાવ્યું હતું.

# પાટણની પ્રયોગશાળામાં બ્લાસ્ટ થતા અફડાતફડીનો માહોલ અનેક વિદ્યાર્થીઓ ઘાયલ

પાટણ, તા. ૪

પાટણ સ્થિત નોર્થ ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એમ.એન. સાયન્સ કોલેજ ખાતે આજે સવારે ૧૧ વાગ્યાથી પાંચ વાગ્યા સુધી એમ.એસ.સી. સે.૪નું પ્રાયોગીક કાર્ય કોલેજની પ્રયોગશાળા ખાતે ચાલી રહ્યું હતું. જેમાં વર્ષ દરમ્યાન કરેલા પ્રયોગોની પ્રેક્ટીકલ પરીક્ષામાં ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ૧૧ વાગે શરૂ થયેલા આ પ્રાયોગીક કાર્યમાં અચાનક ૧૧.૩૦ કલાકે રાઉન્ડ બોટલ ક્લાસમાં અચાનક જ બ્લાસ્ટ સર્જાયો હતો. આ બ્લાસ્ટ એટલો ભયંકર હતો કે ઉપસ્થિત વિદ્યાર્થીઓના કાન પણ બહેરાશ મારી ગયા હતા અને પરયોગશાળાની કાચની બારીઓ પણ ફુટી જવા પામી હતી. ત્યારે અચાનક બનેલી આ ઘટનાથી વિદ્યાર્થીઓમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો અને પ્રયોગશાળામાં રહેલી કાચની સામગ્રીના ફુરચા ઉડતા બે વિદ્યાર્થીની અને બે વિદ્યાર્થિનીઓને ઈજા પહોંચતા તેમને ૧૦૮ અને પ્રાઈવેટ વાહનો મારફતે શહેરની જનતા હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા. અચાનક બનેલી આ ઘટનાથી વિદ્યાર્થીઓમાં ભય ફેલાયો હતો અને આ અંગે પ્રત્યક્ષદર્શી વિદ્યાર્થીએ પોતાનો પ્રતિભાવો આ મુજબ આપ્યો હતો.

તો ભૂમિકા પ્રજાપતિ નામની વિદ્યાર્થિનીએ પણ આ સમગ્ર ઘટના વિશે મીડીયાને માહિતી આપી હતી.

ત્યારે આ અંગે જનતા હોસ્પિટલ ખાતે ઘટનાની જાણ થતાં જ કોલેજનું સમગ્ર વહીવટી અને અધ્યાપન કામ સંભાળતો સ્ટાફ પણ પહોંચી ગઈ વિદ્યાર્થીઓની સારવાર શરૂ કરાવી હતી. ત્યારે આ સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જે.એચ. પંચોલીએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ સમગ્ર ઘટનામાં જે પણ વિદ્યાર્થીઓ ઘાયલ છે તેમનો ખર્ચ કોલેજનું સંચાલક મંડળ ઉપાડશે. તેમને ઘાયલ તમામ વિદ્યાર્થીઓની હાલત સામાન્ય હોવાનું જણાવ્યું હતું.


(તસવીર : ચેતન રામી, પાટણ)

# રાષ્ટ્રીય સુરક્ષા મહાવિદ્યાલય, નવી દિલ્હીની ગુજરાતના પ્રવાસે આવેલી ટીમે રાજ્યપાલશ્રીની લીધેલી શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના પ્રવાસે આવેલી રાષ્ટ્રીય સુરક્ષા મહાવિદ્યાલય, નવી દિલ્હીના અધ્યાપકો અને તાલીમાર્થી અધિકારીઓની એક ટીમે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

રાજ્યપાલશ્રીએ ટીમના સભ્યો સાથે વાર્તાલાપ કર્યો હતો. ફેકલ્ટી ઈન્ચાર્જ એ.વી.એમ., આઈ.પી. વિપીને રાજ્યના પ્રવાસનો હેતુ સમજાવતા જણાવ્યું હતું કે મહાવિદ્યાલય દ્વારા શસ્ત્રદળોના બ્રિગેડિયર કક્ષાના અધિકારીઓ માટેના 'રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહાત્મક અધ્યયન' કોર્સ અંતર્ગત વિવિધ રાજ્યોના વિકાસના ક્ષેત્રોનો અભ્યાસ કરવાનો છે. રાજ્યપાલશ્રીએ ટીમના સૌ સભ્યોને આવકારી સ્મૃતિચિહ્નની ભેટ આપી હતી.

# પ્રાંતિજમાં વાઈરલ તાવના દર્દીઓમાં વધારો

પ્રાંતિજ, તા.૧૪

પ્રાંતિજ તથા તાલુકામાં હાલ બેવડી ઋતુના કારણે એકા એક વાઈરલ તાવના કેસોમાં નોંધપાત્ર વધારો થતા સરકારી અને ખાનગી હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

આ વાયરલના કારણે ઘરે ઘરે માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. હાલ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત મોટાભાગના તાલુકામાં બેવડી ઋતુના કારણે વાઈરલ તાવનો વાવડ ફેલાયો છે. જયાં જુઓ ત્યાં ખાનગી અને સરકારી દવાખાનાઓમાં દર્દીઓની ભારે ભીડ જોવા મળીરહી છે. ઋતુ પરીવર્તન થતા લોકો શરીરના દુખાવા, શરદી, ઉધરસ અને તાવ જેવી બિમારીમાં સપડાઈ રહ્યા છે. બીજી તરફ ધીમે ધીમે ગરમીનું પ્રમાણ વધતા લોકો ઉનાળાનો અહેસાસ કરી રહ્યા છે. ત્યારે આમ જ ગરમી પડશે તો આગામી દિવસોમાં પણ વાઈરલ તાવના દર્દીઓમાં વધારો થશે તેવું ચર્ચાઈ રહ્યું છે. આ વધતા જતા વાઈરલના કેસને જોતા આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવા લોકમાંગણી ઉઠવા પામી છે.

# પ્રાંતિજના દલપુર પાસે ટેમ્પો બાઈક વચ્ચે અકસ્માત એકનું મોત

પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે-૮ પર આવેલ દલપુર પાસે રાત્રિના સમયે સાઈડમાં ઉભેલ ડાલાની પાછળ બાઈક ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ઘાયલ બે બાઈક સવારને હિંમતનગર સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયાં એકનું મોત થવા પામ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના દલપુર અંબુજા ફેકટરી પાસે રાત્રિના સમયે બાઈક હંકારીને આવી રહ્યા હતા ત્યારે માર્ગની સાઈડમાં ઉભેલા ડાલાની પાછળ બાઈક ઘુસી જતાં બાઈક પર સવાર બે બાઈક સવારોને શરીરે ગંભીર ઈજા થઈ હતી આથી બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન એકનું કરૂણ મોત થવા પામ્યું હતું અને એક સારવાર હેઠળ છે. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે અલ્પેશ જગતસિંહની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈશરત કેસ : અમિત શાહને આરોપી બનાવવાની અરજી

અમદાવાદ, તા.૧૪

ચકચારી ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં માર્યા ગયેલા જાવેદના પિતા દ્વારા સીબીઆઈ કોર્ટમાં રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અમિત શાહ અને નિવૃત્ત પોલીસ અધિકારી કેઆર કૌશિકને આરોપી તરીકે જોડવા અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં તેમણે જણાવ્યુંછે કે ઈશરત નકલી એન્કાઉન્ટર કેસમાં બંને જણાને આરોપી બનાવવા અર્થે પુરતા પુરાવા છે. કોર્ટે અમિત શાહ અને કેઆર કૌશિક સામે નોટીસ ઈશ્યુ કરી છે અને કેસની વધુની સુનાવણી આગામી ર૬મી માર્ચે રાખી છે.

વર્ષ ૨૦૦૪માં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવા ચાર આતંકવાદીઓ આવી રહ્યા હોવાની બાતમીનો આધાર ગુજરાત પોલીસે ઈશરત જહાં સહિત ચાર શખ્સોને નકલી એન્કાઉન્ટરમાં ઠાર મારી નાંખ્યા હતા. ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં તપાસ કરી રહેલી સીબીઆઈએ પુરાવા હોવા છતાં અમિત શાહ અને કેઆર કૌશિક સામે કાનૂની કાર્યવાહી કરી નથી તેવા આક્ષેપ સાથે સીબીઆઈ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. સીબીઆઈએ પોતાની ચાર્જશીટમાં અમિત શાહ કે, કેઆર કૌશિકના નામો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. સીબીઆઈએ બંને તરફ કુણ વલણ અપનાવ્યું છે તેવા આક્ષેપ જાવેદના પિતાએ અરજીમાં કર્યા છે. ઈશરત કેસમાં ઘણા રાજકારણીઓ સામે શંકા સેવવામાં આવી હતી. ઉપરાંત ઈશરતનું એન્કાઉન્ટર રાજકીય કારણોસર કરવામાં આવ્યું તે મામલે પણ આંગળી ચિંધવામાં આવી હતી. ગુજરાત પોલીસે એન્કાઉન્ટર વખતે એવી થીયરી પેશ કરી હતી કે ઈશરત જહાં આતંકવાદી સંગઠનની સભ્ય હતી અને તે ગુજરાતના મુખ્યમંત્રીની હત્યા કરવાના ઈરાદે ગુજરાત આવી હતી. સીબીઆઈ પોલીસની થીયરી ખોટી પડી હતી અને એન્કાઉન્ટર નકલી જાહેર થયું હતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧